Research Review ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal June 2019, Year - 5 (74)
www.researchreviewonline.com Paper ID : RRJ000067

# સ્થળાંતરિત લોકોની સમસ્યાઓ અને અભ્યાસો

**ડો. જીજ્ઞેશ એચ. ટાપરીયા**
**મદદનિષ પ્રાધ્યાપક અને અધ્યક્ષ**
**મનોવિજ્ઞાન વિભાગ**
**ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, (સાંજની), અમદાવાદ**

---

**પ્રસ્તાવના :**

ઔદ્યોગિક ક્ષેત્રમાં કેવળ નાણાકીય દ્રષ્ટિ ન રાખતા માનવીય દ્રષ્ટિનો જેમ જેમ પ્રવેશ થતો ગયો તેમ તેમ મજૂર કલ્યાણનો વિકાસ થવા લાગ્યો. ફકત આર્થિક દ્રષ્ટિ ઉદ્યોગક્ષેત્રે શોષણ સર્જે છે. આર્થિક વિકાસ નીતિની સાથે માનવીય મૂલ્યોનો સમન્વય કરવામાં આવે તો જ સાચી ઔદ્યોગિક પ્રગતિ સાધી શકાય અને તો જ સમાજના તમામ અંગો અને વર્ગો માટેની ન્યાયી અર્થ વ્યવસ્થા સર્જી શકાય. મજૂર દ્રષ્ટિકોણનો ઉદભવ ઉદ્યોગીકરણ અને સવેતન મજૂર વર્ગની સાથે સાથે જ થવા પામ્યો છે. મજૂરોની કામગીરીની સ્થિતિ મજૂરોનું ઉદ્યોગમાં સ્થાન વેતનના દરોનો ક્રમિક વધારો, મજૂરોની તકો વગેરે બાબતોનો તેમાં વિચાર કરવામાં આવે છે. મજૂર કલ્યાણ ઉદારમતવાદ ખેલદિલીની ભાવના અને સમજણ મજૂર નીતિમાંથી જ ઉદ્ભવે છે.

ઔદ્યોગિક ક્રાંતિનો પ્રારંભ ઈંગલેન્ડથી થયો તેમ મજૂરોના કલ્યાણ કરવાથી ભાવના અને કાર્યનો પ્રારંભ પણ ઈંગલેન્ડમાં જ થવા પામ્યો હતો. ૧૮૩૦ આસપાસ રોબર્ટ ઓવન નામના ઈંગલેન્ડના ઉદ્યોગપતિને મજૂરોની કફોડી હાલત અને ગરીબ સ્થિતિના અંગે વિચાર કરવા લાગ્યુ કે મજૂરોની સ્થિતિ સુધરે અને તેઓ નોકરના ભાવથી નહિ પણ સહકારના ભાવથી ઉદ્યોગોમાં કામ કરતા થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. તેણે તેવા પ્રયાસો આદર્યા પણ ખરા પ્રારંભમાં તેને એમાં ખાસ સફળતા ન મળી પરંતુ એણે જે સુભપ્રયાસ આદર્યા હતા તે એટલી દિર્ઘદ્રષ્ટિવાળા અને માનવતાભર્યા હતા કે તેની પાછળની ભાવના કાળક્રમે વિવિધ સ્વરૂપે પ્રગટ થવા લાગી. થોડા જ સમયમાં સમાજ વિચારકો મજૂરની ઉદ્યોગમાં ભાગીદારી કે સહચાર કરવા અંગેની વિચારણા પ્રગટ કરવા લાગ્યા. માર્કસે તો વર્ગ સંઘર્ષનો સિધ્ધાંત રજૂ કરીને મજૂરોના હાથમાં જ ઉદ્યોગો મૂકી દેવા વિશેનો સિધ્ધાંત રજૂ કરવા સુધીની હામ ભીડી હતી.

હિન્દમાં ઉદ્યોગક્ષેત્રમાં અને મજૂરો અંગે ગાંધીજીએ પણ ક્રાંતિકારી છતાં વ્યવહાર વિચારો દર્શાવ્યા હતા.

**સ્થળાંતર એટલે શું ?**

વ્યકિતઓનું સ્થળાંતર એ ઘણી જુની બાબત છે. આજથી ૫૦૦ વર્ષ કે તે પહેલા આંતરરાષ્ટ્રીય સ્થળાંતર થતુ હતું. ઈતિહાસમાં ગુલામોનો વેપાર એ પરાણે કરાવવામાં આવેલ માનવ સ્થળાંતરનું સૌથી મોટુ ઉદાહરણ છે.

"વ્યકિત પોતે પોતાનું જન્મસ્થળ છોડી અને અન્ય સ્થળે જઈને ત્યા વસવાટ કરે તેને સ્થળાંતર કહી શકાય."

આ પ્રકારનું સ્થળાંતર કરેલ વ્યકિતને સ્થળાંતરિક વ્યકિત કહેવામાં આવે છે. સ્થળાંતર એ શ્રમની ગતિશીલતા છે. આમ, સ્થળાંતરમાં એક વ્યકિત સ્થળ છોડી બીજા સ્થળે વસવાટ કરે છે. નવા નિવાસ સ્થાને જાય છે. જયારે એક જ ગામમાં એક જિલ્લામાં જુના મકાનમાંથી નવા મકાનમાં રહેવા જવાની પ્રક્રિયાને



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-74-june-2019/RRJ000067

સ્થળાંતર કહી શકાતુ નથી. સ્થળાંતર અંગેનો જુનો સિધ્ધાંત ૧૮૮૦માં આપ્યો હોવાનું મનાય છે. આ સિધ્ધાંત રોવેન્ટ સ્ટેઈનના સ્થળાંતરના નામ તરીકે પ્રખ્યાત છે તેની સમજૂતી નીચે પ્રમાણે આપી શકાય.

૧) વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારનો વિકાસ થતા સ્થળાંતર કરનાર લોકોની સંખ્યામાં વધારો થાય છે.
૨) વધારે આર્થિક તકવાળા વિસ્તારમાં ઓછી આર્થિક તકવાળા વિસ્તારમાં જાય છે.
૩) ગામડામાંથી શહેરમાં લોકો જાય છે.
૪) ગામડાના લોકોમાં શહેરમાં વસવાટ કરવાનું વલણ વધારે જોવા મળે છે.

**વ્યવસાયિક સ્થળાંતર એટલે શું ?**

વ્યવસાયિક સ્થળાંતરની પ્રક્રિયા સમજતા પહેલા આપણે થોડા ઈતિહાસમાં જઈ તો વ્યવસાય અર્થાત્ કાર્ય માટે ખેતીના કામો માટે ગુલામોને એક દેશમાંથી બીજા દેશમાં લઈ જવામાં આવતા હતા. ૧૯મી સદીના મધ્યભાગથી ૧૯મી સદીની શરૂઆત સુધીમાં લગભગ દોઢ કરોડ લોકોને આફ્રિકાથી ખેતીકામ માટે લઈ જવામાં આવ્યા હતા. આ વિશ્વનું મોટામાં મોટુ સ્થળાંતર છે.

"વ્યવસાય અર્થે વ્યકિત પોતાનું વતન છોડી અન્ય જગ્યાએ જઈ ત્યા રોજગારી મેળવે તેને વ્યવસાયિક સ્થળાંતર કહી શકાય."

વ્યવસાયિક સ્થળાંતર એક વિશિષ્ટ પ્રકાર પ્રક્રિયા છે. આ પ્રક્રિયા ચોકકસ રીતે તબકકાવાર વિભાજીત થયેલ છે. પ્રથમ સ્થળાંતરિત થનાર વ્યકિત વર્ષ બાદ સ્થાઈ થાય છે. આમ, અંત સુધીના પગથીયા સમજવા ખુબ જ જરૂરી છે.

**વ્યવસાયિક સ્થળાંતરના તબકકાઓ :**

૧) પ્રથમ તબકકામાં વ્યકિત રોજગારી શહેરમાં મેળવે છે અને વતનથી કાયમી અપડાઉન કરી રોજગારી મેળવે છે.
૨) બીજા તબકકામાં વ્યકિત જયા રોજગારી મેળવે છે એવા શહેરની નજીક રહેઠાણ શોધે છે અને ત્યા વસવાટ કરવા લાગે છે.
૩) વ્યકિત પણ શહેરી વાતાવરણની અસર થતા મનોવલણ બદલાય છે અને શહેરમાં વસવાટ કરે છે પ્રસંગો બદલાય છે અને શહેરોમાં વસવાટ કરે છે. પ્રસંગોપાત વતનની મુલાકાત લે છે.
૪) છેલ્લા અને ચોથા તબકકામાં વ્યકિત સ્થળાંતરિત પ્રક્રિયા પૂર્ણ થાય છે. વ્યકિત કોઈપણ ચોકકસ નોકરી કે કોઈ ઉદ્યોગમાં રોજગારી મેળવે છે તેની સાથે કાયમી ધોરણે રોજગારી મેળવે છે તેની સાથે કાયમી ધોરણે જોડાય છે અને પોતાના કુટુંબ સાથે એ શહેરને અથવા સ્થળને હંમેશ માટે રહેણકી રીતે સ્વીકારી લે છે.

**સ્થળાંતર પર થયેલા વિવિધ અભ્યાસો :**

આ વિષયને ધ્યાનમાં રાખીને વિશ્વના તજજ્ઞોએ અનેક અભ્યાસો કર્યા છે. આ તમામ અભ્યાસો સ્થળાંતરની પ્રક્રિયાને સમજાવે છે. સ્થળાંતરના કારણો વિવિધ પ્રવાહો, દિશા, પ્રશ્નો વગેરે સમસ્યાઓનું વાસ્તવિક ચિત્ર રજુ થયેલ છે. આ પૈકીના કેટલાક અભ્યાસ નીચે પ્રમાણે છે.

**૧) કોઠારી અને વિસારીયા (૧૯૮૪) :**

તેનો અભ્યાસ ગુજરાતના સ્થળાંતરને સમજાવતો પ્રથમ વિસ્તૃત અભ્યાસ હતો. પોતાના અભ્યાસમાં નર્મદા યોજનાથી થયેલ સ્થળાંતરિત સમજાવવાનો પ્રયત્ન થયેલો છે.

**૨) ડૉ. મહેશ વી. જોષી**

પોતાના અભ્યાસમાં ઔદ્યોગિક શ્રમિકોને લીધા છે, આથી સ્થળાંતર વિશે ચર્ચા કરી છે તેમણે પોતાના અભ્યાસમાં સ્થળાંતરની પ્રક્રિયા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

**૩) લોટી (૧૯૬૪) બિલિયસ (૧૯૬૯) સહોય (૧૯૬૮) :**

આ અભ્યાસોમાં આર્થિક પરિબળને જ સ્થળાંતર માટે જવાબદાર ગણ્યુ છે.

## :: સંદર્ભસૂચિ ::

**જે.કે.દવે, કે.જી.શાહ,** સામાજિક સંશોધન પધ્ધતિ, અનડા પ્રકાશન,
**શાંતિલાલ મ. દેસાઈ,**મજૂર કલ્યાણ
**ડૉ. બી.એ.પરીખ,** ઔદ્યોગિક મનોવિજ્ઞાન
**જે.કે.દવે,** સામાજિક સમસ્યાઓ, અનડા પ્રકાશન,